સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

**રાજ્યમાં વધુ ૧૧૮૯૨ નવા કેસ : ગાંધીનગરમાં ૨૮૪ : અમદાવાદમાં ૩૪૪૨**

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૮ | ૯ મે, ૨૦૨૧, રવિવાર; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# ડીઆરડીઓની કોરોનાની દવાને મંજૂરી

**કોરોનાના વધતા કહેરની વચ્ચે મોટી રાહતના સમાચાર : આ દવા ડીઆરડીઓના આઈએનએમએએસ અને હેદરાબાદ સીસીએમબી સાથે મળીને તૈયાર કરી છે : ટ્રાયલમાં સામેલ દર્દીઓ જલદી સાજા થયા : ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)ની કોરોનાની સારવાર માટે દવાના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી**

નવી દિલ્હી, તા. ૮

કોરોના સંક્રમણના વધતા કેસ વચ્ચે આજે એક રાહતના સમાચાર આવ્યા છે. ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)એ કોરોનાની સારવાર માટે એક દવાના ઈમરજન્સી યૂઝ માટે મંજૂરી આપી દીધી છે. આ દવા ડીઆરડીઓના ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂક્લિયર મેડિસિન એન્ડ અલાયન્સ સાયન્સિસ (આઈએનએમએએસ) અને હેદરાબાદ સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલિક્યુલર બાયોલોજી (સીસીએમબી) સાથે મળીને તૈયાર કરી છે. આ દવાને હાલ ૨-ડોક્સી-ડી- ગ્લુકોઝ (૨-ડીજી) નામ આપવામાં આવ્યું છે અને તેના મેન્યુફેક્ચરિંગની જવાબદારી હેદરાબાદ સ્થિત ડો.રેડ્ડી લેબોરેટરીઝને સોંપવામાં આવી છે.

દવાની ક્લિનિકલ ટ્રાયલ સફળ થઈ છે. દાવો છે કે જે દર્દીઓ પર તેની ટ્રાયલ કરવામાં આવી તેમાં ઝડપથી રિકવરી જોવા મળી. આ સાથે જ દર્દીઓની ઓક્સિજન પર નિર્ભરતા પણ ઓછી થઈ ગઈ. એવો પણ દાવો છે કે આ દવાના ઉપયોગથી દર્દીઓનો કોરોના રિપોર્ટ અન્ય દર્દીઓની સરખામણીમાં જલદી નેગેટિવ થઈ રહ્યો છે. એટલે કે તેઓ જલદી સાજા થઈ રહ્યા છે.

ડીઆરડીઓના વૈજ્ઞાનિકોએ એપ્રિલ ૨૦૨૦માં લેબમાં આ દવા પર એક્સપરિમેન્ટ કર્યા હતા. જેમાં જાણવા મળ્યું હતું કે આ દવા કોરોના વાયરસને રોકવામાં મદદ કરે છે. તેના આધારે ડીસીજીઆઈએ મે ૨૦૨૦માં ફેઝ-૨ ટ્રાયલ્સ કરવાની મંજૂરી આપી હતી.

ક્લિનિકલ ટ્રાયલના ફેઝ-૨માં દેશભરની હોસ્પિટલોમાં આ દવાની ટ્રાયલ કરવામાં આવી. ફેઝ-૨એ ના ટ્રાયલ ૬ અને ફેઝ-૨એબી ના ટ્રાયલ ૧૧ હોસ્પિટલોમાં કરવામાં આવ્યા. ૧૧૦ દર્દીઓને સામેલ કરાયા હતા. આ ટ્રાયલ મેથી ઓક્ટોબર વચ્ચે કરાયા હતા.

જે દર્દીઓ પર દવાની ટ્રાયલ કરવામાં આવી તે દર્દીઓ અન્ય દર્દીઓની સરખામણીમાં કોરોનામાંથી જલદી સાજા થયા. ટ્રાયલમાં સામેલ દર્દીઓ બીજા દર્દીઓની સરખામણીમાં ૨.૫ દિવસ જલદી સાજા થયા.

ડિસેમ્બર ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ વચ્ચે દેશભરની ૨૭ હોસ્પિટલોમાં ફેઝ-૨ની ટ્રાયલ કરવામાં આવી. આ વખતે ૨૨૦ દર્દીઓને તેમાં સામેલ કરવામાં આવ્યા. આ ટ્રાયલ દિલ્હી, યુપી, બંગાળ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કર્ણાટક અને તમિલનાડુમાં કરવામાં આવી.

## ભારતને તમામ મદદ કરાશે : કમલા હેરિસ

વોશિંગ્ટન,તા.૮

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે કોરોના મહામારી સામે જંગમાં ભારતને દરેક શક્ય મદદ કરવાનો ભરોસો વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે આ મુશ્કેલ ઘડીમાં અમે ભારત સાથે છીએ અને તેની મદદ કરીશું. હેરિસે ભારતના યોગદાનને યાદ કરતા કહ્યું કે મહામારીની શરૂઆતમાં ભારતે અમેરિકાની મદદ કરી હતી, હવે અમે ભારતની મદદ માટે તેના પડખે છીએ. અત્રે જણાવવાનું કે આ ઘડીમાં ભારતની મદદ માટે આખી દુનિયામાંથી મદદના ધોધ વહી રહ્યા છે. કમલા હેરિસે કહ્યું કે ભારતની જે સ્થિતિ છે તે હ્રદય દુખાડનારી છે. ભારત અમારું મહત્વપૂર્ણ સહયોગી છે અને ત્યાં સ્થિતિ સામાન્ય કરવા માટે અમે દરેક શક્ય મદદ કરીશું. કોરોના સામે લડતમાં ભારતના યોગદાનને બિરદાવતા અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે મહામારીની શરૂઆતમાં, જ્યારે અમારી હોસ્પિટલમાં બેડ ઓછા પડવા માડ્યા હતા ત્યારે ભારતે સહાયતા મોકલી હતી. આજે અમે જરૂરિયાતના સમયે તેની મદદ માટે દ્રઢ છીએ. હેરિસે કહ્યું કે અમે એશિયન ક્વાડના સભ્યોના રૂપમાં વૈશ્વિક સમુદાયના હિસ્સાના રૂપમાં અને ભારતના મિત્ર તરીકે તેને મદદ ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ.

## યુકેથી ૩ ઓક્સિજન જનરેટર, વેન્ટિલેટર સાથે વિમાન રવાના

**કોરોનાના સામના માટે ભારતની મદદે અનેક દેશો આવ્યા : ઈન્ડિયન રેડક્રોસની મદદથી યુકેથી આવેલા આ પુરવઠાને કોરોના ઝઝુમી રહેલા ભારતની હોસ્પિટલોમાં પહોંચાડાશે**

નવી દિલ્હી, તા. ૮

કોરોના વાયરસ મહામારીનો સામનો કરવા માટે વિશ્વના અનેક દેશો ભારતની મદદ કરવા આગળ આવી રહ્યા છે. તેના અનુસંધાને ઉત્તરી આયરલેન્ડના બેલફાસ્ટ ખાતેથી ૧૮ ટનના ૩ ઓક્સિજન જનરેટર અને ૧,૦૦૦ વેન્ટિલેટર સાથે વિશ્વના સૌથી મોટા માલવાહક વિમાને ભારત માટે ઉડાન ભરી દીધી છે. બ્રિટિશ સરકારે એ પોતે જ આ અંગેની જાણકારી આપી છે.

ફોરેન, કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ (એફસીડીઓ)ના કહેવા પ્રમાણે એરપોર્ટના કર્મચારીઓએ આખી રાત આકરી મહેનત કરીને વિશાળકાય એન્ટોનાવ ૧૨૪ વિમાનમાં જીવન રક્ષક દવાઓ લાદી હતી.

ઈન્ડિયન રેડક્રોસની મદદથી યુકેથી આવેલા આ પુરવઠાને કોરોના સંકટ સામે ઝઝુમી રહેલા ભારતની હોસ્પિટલોમાં પહોંચાડવામાં આવશે. ત્રણેય ઓક્સિજન જનરેટરમાંથી પ્રત્યેક જનરેટર પ્રતિ મિનિટ ૫૦૦ લીટર ઓક્સિજનનું ઉત્પાદન કરવા સક્ષમ છે. જે એક સમયે ૫૦ લોકોના ઉપયોગ માટે પર્યાપ્ત છે.

વિશ્વના સૌથી મોટા માલવાહક વિમાનમાં આ ઉપકરણો લાદવામાં આવ્યા તે સમયે ઉત્તરી આયરલેન્ડના હેલ્થ મિનિસ્ટર રોબિન સ્વાન બેલફાસ્ટ એરપોર્ટ પર હાજર રહ્યા હતા. રોબિન સ્વાનના કહેવા પ્રમાણે તેઓ ભારતને તમામ સંભવિત મદદ અને પોતાનું સમર્થન આપે તે તેમની નૈતિક જવાબદારી છે.

## દેશમાં કોરોનાના નવા ૪.૧ લાખ કેસ

**કોરોનાથી પ્રથમ વખત એક જ દિવસમાં ૪૦૦૦થી વધુનાં મોત : ૨૫ દિવસ પહેલા જ્યારે કોરોનાથી દેશમાં એક હજાર મોત થઈ રહ્યા હતા ત્યારે હવે એક જ દિવસમાં ચાર હજારથી વધારે મોત નોંધાઈ રહ્યા છે**



નવી દિલ્હી,તા.૮

દેશમાં કોરોના વાયરસનો પ્રકોપ ઓછો જ નથી થઈ રહ્યો. દરરોજ કોરોના વાયરસના નવા દર્દીઓની સંખ્યા ચાર લાખને પાર થઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો દેશમાં કોરોના વાયરસના નવા ૪ લાખ ૧ હજાર ૨૨૮ નવા દર્દી નોંધાયા છે. જ્યારે પ્રથમ વખત દેશમાં મોતનો આંકડો ચાર હજારને પાર થઈ ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૪,૧૯૧લોકોનાં મોત થયા છે. આ એક રેકોર્ડ છે. દેશમાં કોરોનાની બીજી લહેરનું તાંડવ ચાલી રહ્યું છે. દેશમાં દરરોજ નવા કેસ અને મોતનો આંકડો વધી રહ્યો છે. ૨૫ દિવસ પહેલા જ્યારે કોરોનાથી દેશમાં એક હજાર મોત થઈ રહ્યા હતા ત્યારે હવે એક જ દિવસમાં ચાર હજારથી વધારે મોત નોંધાઈ રહ્યા છે. આ પહેલા ૧૩ એપ્રિલના રોજ મોતનો આંકડો એક હજારને પાર થયો હતો. જે બાદમાં ૨૦ એપ્રિલના રોજ બે હજારથી વધારે મોત નોંધાયા હતા. ૨૭ એપ્રિલના રોજ આ આંકડો ત્રણ હજારને પાર થયો હતો. જેના ૧૦ જ દિવસની અંદર મોતનો આંકડો ચાર હજારને પાર થઈ ગયો છે.

## કેરળ, રાજસ્થાન, મિઝોરમ બાદ હવે તામિલનાડુમાં સંપૂર્ણ લોકડાઉન

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોના બેકાબૂ બની રહ્યો છે. તેની ગતિ અટકાવવા માટે, રાજ્ય સરકારો હવે સંપૂર્ણ લોકડાઉન તરફ આગળ વધી રહી છે. હવે સંપૂર્ણ લોકડાઉન દક્ષિણના રાજ્ય કેરળમાં જાહેર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી પિનરઈ વિજયને માહિતી આપી હતી કે ૮ મેથી ૧૬ મે દરમિયાન કેરળમાં સંપૂર્ણ લોકડાઉન રહેશે. આ સમય દરમિયાન ફક્ત આવશ્યક સેવાઓ કાર્યરત રહેશે. કારણ વગરનું બહાર ફરવા જનાર પર સંપૂર્ણ મનાઈ ફરમાવી દેવામાં આવી છે.



કેરળ સરકારની ગાઈડલાઈન મુજબ એક જિલ્લાથી બીજા જિલ્લામાં જવા પર પ્રતિબંધ રહેશે. જ્યારે કોઈ કટોકટી હોય ત્યારે જ આને મંજૂરી આપવામાં આવશે. જાહેર પરિવહન પણ સંપૂર્ણ બંધ રહેશે. જો કે, ટ્રેનો અને ફ્લાઈટ્સ કાર્યરત રહેશે. જે લોકો અન્ય રાજ્યોથી કેરળ આવે છે, તેઓએ કોવિડ ૧૯ પોર્ટલ પર નોંધણી કરાવી દેવાની રહેશે અથવા તેઓને હોટલ અથવા સંસ્થામાં ૧૪ દિવસના ક્વોરેન્ટાઈન રહેવું પડશે અને તમારે ખર્ચ પોતે જ ભોગવવો પડશે.

રાજસ્થાનમાં ૧૦ મેથી ૨૪ મે દરમિયાન લોકડાઉન રહેશે. આ સમયગાળા દરમિયાન, કટોકટી સેવાઓ સિવાયની તમામ પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવશે. લગ્ન, ડીજે, સરઘસ અને પાર્ટી કરવી વગેરેથી સંબંધિત કોઈપણ સમારોહને ૩૧ મે સુધી મંજૂરી આપવામાં આવશે નહીં. ઘરે અથવા કોર્ટ મેરેજ તરીકે લગ્નની મંજૂરી આપવામાં આવશે, જેમાં ફક્ત ૧૧ વ્યક્તિઓ શામેલ હશે, જેની માહિતી વેબ પોર્ટલ પર ઉપલબ્ધ છે. તેનેતમામ માહિતી આપવાની રહેશે.

## કડકાઈ રાખીશું તો ત્રીજી લહેર અટકાવી શકીશું, સરકારના મુખ્ય સલાહકાર

ન્યુ દિલ્હી,તા.૮

સમગ્ર દેશમાં હાલમાં કોરોાી બીજી લહેર ચાલી રહી છે. બીજી લહેર હેલી લહેર કરતાં ણ વધારે ખતરાક છે. લોકો હેલા કરતાં ઝડી કોરોાી સંક્રમિત ઈ રહ્યા છે એ મોતા આંકડા ણ વધી રહ્યા છે ત્યારે હવે દેશમાં ત્રીજી લહેરી તૈયારી લઈ ચચર્ઓવિા લાગી છે. આ હેલા કેન્દ્ર સરકારા મુખ્ય વૈજ્ઞાકિ સલાહકાર વિજય રાઘવે કહ્યું હતું કે દેશમાં કોરોાી ત્રીજી લહેર ચોક્કસ આવશે. જોકે હવે તેમણે ખુલાસો કર્યો છે કે દેશમાં આવારી ત્રીજી લહેરે ટાળી શકાય છે.

જોકે રાઘવ અુસાર ત્રીજી લહેરે ટાળવી હોય તો તા માટે જરુરી છે કે લોકો સ્ાકિ પ્રશાસ, જિલ્લા પ્રશાસ એ રાજ્ય સરકારે ઓલી ગાઈડ લાઈું કડકાઈી ાલ કરે. એટલે કે જો કોરોાી અત્યારે જે સ્ાિતિ છે, તેાી બચવુ હશે તો લોકોએ માસ્ક, સૈટાઈઝર, સામાજિક અંતર સહિતા ચિમોું કડકાઈી ાલ કરવું ડશે. બુધવારે વૈજ્ઞાકિ રાઘવે જ વિદ આપ્યું હતું કે ત્રીજી લહેર જરુર આવશે. તે રોકી હીં શકાય, ણ ક્યારે આવશે તે કહી શકાય.

ભારત સરકારા મુખ્ય સલાહકાર પ્રોફેસર વિજયરાઘે કોરોા વાઈરસી સાજા યેલા ઘણા દર્દીઓમાં જીવલેણ ફૂંગલ ઈન્ફેકશ મ્યુકોરમાઈસીસા કેસો લઈ કહ્યું હતું કે એ ર જર રાખી રહ્યા છીએ. જો આણે કડક ઉાય કરીશું તો ત્રીજી લહેર દેશા દરેક જગ્યાએ હીં આવે.

REQUIRED
Equity Dealer for NSE - F & O
Pay Rs.12500 to 17000
+ INCENTIVE
Call - 99747 03401

## ૩૭૦ને ભારતનો આંતરિક મુદ્દો ગણાવતા પાક.ના વિદેશ મંત્રી

નવી દિલ્હી, તા. ૮

પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરૈશીએ જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબૂદી અંગે ખૂબ જ મહત્વનું નિવેદન આપ્યું છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન કુરૈશીએ કલમ ૩૭૦ને ભારતનો આંતરિક મુદ્દો ગણાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી પાકિસ્તાન કલમ ૩૭૦ નાબૂદીનો વિરોધ કરતું હતું પરંતુ કલમ ૩૭૦ નાબૂદીના ૨૧ મહિના બાદ મહમૂદ કુરૈશીએ સાર્વજનિક રીતે તેને ભારતનો આંતરિક મુદ્દો ગણાવ્યો છે. કેન્દ્ર સરકારે ૫ ઓગષ્ટ, ૨૦૧૯ના રોજ જમ્મુ કાશ્મીરને વિશેષાધિકાર આપતી કલમ ૩૭૦ નાબૂદ કરી હતી. સાથે જ જમ્મુ કાશ્મરીને જમ્મુ કાશ્મીર અને લદાખમાં વહેંચી દીધું હતું અને બંનેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવી દીધા હતા.

Maunil Shah
M. 90998 72551
FIGHT CORONA
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available

રામચંદ્ર મહારાજ ૯૮૨૪૦ ૫૪૦૯૨
શ્રી મહાકાલી
કેટરર્સ & ડેકોરેશન



શુભ પ્રસંગે રસોઈ, મીઠાઈ, જ્યુસ અને વી.આઈ.પી. રીસેપ્શન તેમજ લગ્ન પ્રસંગે ડેકોરેશન માટે મળો.
સ્પે. પ્યોર જૈન મેનુ બનાવી આપવામાં આવશે.
સ્પે. કેટરીંગ ડીશ કોન્ટ્રાક્ટના ઓર્ડર લેવામાં આવશે.
સેક્ટર-૨૮, જી.આઈ.ડી.સી., પ્લોટ નં. ૧૦૧/૧/બી, સાંવરીયા હોટલની પાછળ, શિવ ટિમ્બરની સામે, ગાંધીનગર
કોવિડ-૧૯ કોરોના વાયરસ અન્વયે સંપૂર્ણ કાળજી રાખીને રસોઈ અંગેની તમામ કામગીરી કરવામાં આવે છે.
૨૦, ૩૦, ૪૦ અને ૫૦ વ્યક્તિ સુધી કેટરીંગ સર્વિસ હાલ પુરતી ઉપલબ્ધ છે.





આભાર દર્શન

સેક્ટર-૧, ૨, ૩ન્યુ, ૪ અને ઈન્ફોસીટી ટાઉનશીપના વસાહતીઓની સેવા કરવાનું નિમિત્ત બનવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા મને તક મળેલ તે બદલ વોર્ડ નં. ૮ના વસાહતીઓ, ભારતીય જનતા પાર્ટી, મારા શુભચિંતક પુરોગામી તથા સહસેવાભાગી, વોર્ડ નં. ૮ના પ્રમુખ, મંત્રી તથા ગ્રાઉન્ડ લેવલે કામ કરતા કાર્યકરોનો આભાર માનું છું.

વોર્ડ નં.૮ના વસાહતીઓએ મારામાં અમૂલ્ય વિશ્વાસ મૂકી 'બહુજન હિતાય, બહુજન સુખાય'ને લક્ષ્યમાં રાખી મહાકાય વિકાસ કાર્યો સફળ બનાવવા સિંહફાળો આપેલ છે અને મને કોમન મેનને યશ આપેલ છે. વસાહતીઓએ મને સ્વજન અનુભવી સમય અને સ્થળના બંધનને મિટાવી દઈ જરૂરી કામો સોંપતા તેમના વિશ્વાસની જીત થઈ અને મોટેભાગે સફળતા મળેલ છે તે બદલ ઉક્ત સહુનો પુનઃ આભાર વ્યક્ત કરું છું. અને કદાચ કોઈ કામ ન થઈ શક્યા હોય તો ક્ષમ્ય ગણવા વિનંતી.

કોર્પોરેશનના અધિકારીઓ, સ્ટાફ તથા સફાઈ કામ કરતા વોરિયર્સ, વિવિધ ખાતાઓના અને સ્ટાફ વગેરે સહુનો સહકાર મને આજીવન યાદ રહેશે.

તા. ૬/૫/૨૦૧૬ થી ૫/૨૦૨૧ સુધીમાં વોર્ડ ૮ના વસાહતીઓની સમસ્યાઓ અને તેમના નિરાકરણની કામગીરીના મને નિમિત્ત બનાવતી લોકહિતની વિગતોને આમ જનતા સમક્ષ પ્રસિદ્ધ કરવા માટે સ્થાનિક વર્તમાનપત્રોના પત્રકારોની અંતઃકરણપૂર્વક આભારી છું...

આપની
પ્રવિણાબેન વોરા